## 1. સામાજિક વ્યવસ્થાનો અર્થ આપી, તેનાં લક્ષણો સમજાવો.

- સમાજશાસ્ત્ર સમાજની રચના અને કાર્યનો અભ્યાસ કરે છે. શરીરના માળખાની જેમ સમગ્ર સમાજનું પણ માળખું હોય છે, જેને 'સામાજિક વ્યવસ્થા' કહે છે. સામાજિક વ્યવસ્થાનો અર્થ સમાજની રચના બે કે તેથી વધુ એકમોની આંતરક્રિયા અને આંતરસંબંધો દ્વારા થાય છે.
- આ આંતરક્રિયાનું વારંવાર પુનરાવર્તન થતાં તેમાંથી વર્તન નક્કી કરતાં ધોરણો અસ્તિત્વમાં આવે છે, જેને 'સામાજિક વ્યવસ્થા' કહેવાય છે.
- સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા : ટાલ્કોટ પાર્સન્સ સામાજિક વ્યવસ્થાની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : ''સામાજિક વ્યવસ્થા એટલે એકબીજા સાથે કાર્યાત્મક સંબંધોમાં રહેલા ભાગો દ્વારા બનેલું એક જટિલ સંકુલ.'' સોરોકિનના મત મુજબ, ''સામાજિક વ્યવસ્થા એક સંગતિ જૂથ છે કે, જે તેના સભ્યોના હકો, ફરજો, સામાજિક સ્થાનો, કાર્યો, ભૂમિકાઓ તેમજ પરસ્પરનાં વર્તન તથા જૂથ બહારના વિશાળ સમાજના સભ્યો સાથેનાં વર્તન સ્થાપિત કરતાં સામાજિક ધોરણોનું સંકુલ ધરાવે છે.'' આમ, સામાજિક સ્થાન અથવા દરજ્જામાં રહીને ભૂમિકા ભજવતી વ્યક્તિઓની આંતરક્રિયાની વ્યવસ્થાને 'સામાજિક વ્યવસ્થા' કહેવાય.
- સામાજિક વ્યવસ્થાનાં લક્ષણો : સમાજશાસ્ત્રી ટાલ્કોટ પાર્સન્સ સામાજિક વ્યવસ્થાનાં લક્ષણો નીચે પ્રમાણે આપ્યાં છે :

  1, વિભિન્ન ભાગો વચ્ચે પરસ્પરાવલંબન : સામાજિક વ્યવસ્થાની રચના માટે ઓછામાં ઓછા બે સામાજિક એકમોના ભાગનું જોડાણ જરૂરી છે. કુટુંબમાં માતાપિતા, દાદાદાદી, પતિપત્ની, ભાઈ બહેન વગેરે સામાજિક દરજ્જાઓ એકબીજા સાથે જોડાઈને 'કુટુંબ'ની એક સામાજિક વ્યવસ્થા બને છે. બધાં સામાજિક સ્થાનો પરસ્પર એકબીજા પર આધારિત છે. આમ, સંસ્થા કે સામાજિક સમૂહના એ કમોનું જોડાણ એ સામાજિક વ્યવસ્થાનું અગત્યનું લક્ષણ છે.

  2. સામાજિક વ્યવસ્થામાં સ્થિરતા : માનવીની સામાજિક જરૂરિયાતો સંતોષવા માટે સામાજિક વ્યવસ્થાએ લાંબા સમય સુધી સ્થિરતા રાખવી જરૂરી છે. દરેક સામાજિક વ્યવસ્થા પોતાની આગવી ઓળખ બનાવી અનુકૂલન સાધે છે. આથી જ સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન આવવા છતાં મૂળભૂત સામાજિક વ્યવસ્થા ટકેલી રહે છે. 3.
- સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન : દરેક સામાજિક વ્યવસ્થા પરિવર્તનશીલ હોય છે. આ સામાજિક વ્યવસ્થા અમુક હદ સુધી સ્થિર રહીને પરિવર્તન પામે છે. સામાજિક તંત્રને પોતાની સામાજિક વ્યવસ્થા ટકાવવા માટે પરિવર્તન સાથે અનુકૂલન સાધવું જરૂરી છે. પરિણામે પરિવર્તન ઉદ્ભવે છે.

## 2. સામાજિક રચનાતંત્રનો અર્થ અને તેનાં લક્ષણોની સમજૂતી આપો.

- 'સામાજિક માળખું', 'સામાજિક રચના', 'સામાજિક રચનાતંત્ર' આ બધા સમાનાર્થી શબ્દો છે, જેમ શરીરનું માળખું છે તેમ સમાજનું માળખું કે રચના હોય છે, જેને સામાજિક રચના કહે છે.
- સામાજિક રચનાતંત્રનો અર્થ અને વ્યાખ્યા : રચના એટલે એકબીજા સાથે જોડાયેલા ભાગો. શરીરની રચના એટલે શરીરનાં અંગોની વ્યવસ્થિત ગોઠવણી. આ ગોઠવણીના કારણે સમગ્ર માળખું તૈયાર થાય છે. દા. ત., ''ઘર'' એ ભૌતિક રચનાની ગોઠવણી છે, જેમાં ચાર બાજની દીવાલો, ભોંયતળિયું, છત, બારી, બારણાં વગેરેની વ્યવસ્થિત ગોઠવણીથી તૈયાર થયેલું એક ભૌતિક માળખું છે.

- સમાજશાસ્ત્રી રૉબર્ટ મર્ટનના મતે, "સામાજિક રચનાતંત્ર એટલે દરજ્જા, ભૂમિકા અને ધોરણોનો સંકુલ (સમૂહ)." વિદ્યુત જોષી સામાજિક રચનાતંત્રની સમજૂતી આપતાં જણાવે છે કે, 'સમાજમાં વ્યક્તિઓ જુદા જુધ દરજ્જા ધરાવે છે. આ દરજ્જાઓ મુજબ વ્યક્તિ ભૂમિકા ભજવે છે. આ ભૂમિકા અમુક ચોક્કસ સંબંધમાં અને અમુક ચોક્કસ પરિસ્થિતિમાં ભજવાય છે. આ પ્રમાણે ભૂમિકાઓ વ્યવસ્થિત સામાજિક સંબંધોની ગૂંથણી તૈયાર કરે છે, જેને સામાજિક રચનાતંત્ર કહે છે. સામાજિક રચનાતંત્ર એક અમૂર્ત ઘટના છે. સમૂદ્ધ, સંસ્થા, સંગઠન, મંડળ વગેરે તેના એકમો છે. દરેક સમાજમાં વ્યક્તિને એકબીજા સાથે જોડવા માટે ખાસ સંસ્થાકીય પ્રણાલિકાઓ વિકસાવેલી હોય છે. વ્યક્તિઓ જ્યારે સામાજિક દરજ્જાથી એ કબીજા સાથે જોડાય ત્યારે તે સામાજિક માળખું બને છે. દા. ત., 'કુટુંબ' એક સામાજિક રચના છે જેમાં માતાપિતા, પતિપત્ની, પુત્રપુત્રી, ભાઈ બહેન, કાકાકાકી વગેરે એકબીજા સાથે સંબંધોથી વ્યવસ્થિત રીતે જોડાયેલા છે. આ જ પ્રમાણે ગ્રામ સમુદાય જુદાં જુદાં જુયો, જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, સંસ્થા, મંડળ વગેરેથી જોડાયેલો છે.
- સામાજિક રચનાતંત્રનાં લક્ષણો : સામાજિક રચનાતંત્રનાં લક્ષણો નીચે પ્રમાણે છે : 1. સામાજિક દરજ્જાઓનો સમૂહ : સામાજિક દરજ્જાઓનો સમૂહ એ સામાજિક રચનાતંત્રનું મહત્ત્વનું લક્ષણ છે. સમાજનું કોઈ પણ રચનાતંત્ર જુદા જુદા દરજ્જાઓથી અસ્તિત્વમાં આવે છે. સમૂહ, સંસ્થા, મંડળ કે સંગઠનની વિવિધ જરૂરિયાતો સંતોષવા માટે વિવિધ દરજ્જાઓનું હોવું જરૂરી છે. જુદા જુદા દરજ્જાઓના શ્રમ વિભાજન દ્વારા જૂથનું ધ્યેય પ્રાપ્ત કરી શકાય છે. દા. ત., 'શાળા' જૂથની રચના ટકાવી રાખવા માટે આચાર્ય, શિક્ષક, વિદ્યાર્થી, કારકુન, સેવક વગેરે દરજ્જા જરૂરી છે.

  2. સામાજિક ભૂમિકાઓનો સમૂહ : સામાજિક ભૂમિકાઓ એ સામાજિક દરજ્જાનું વર્તનલક્ષી પામ્યું છે. કોઈ પણ રચનાતંત્રની જરૂરિયાતો પૂર્ણ કરવા અથવા ધ્યેય પ્રાપ્ત કરવા દરેકે પોતાના દરજ્જા મુજબ ભૂમિકાઓ ભજવવી પડે છે. દા. ત., 'શાળા'નાં ધ્યેયો પૂર્ણ કરવા માટે આચાર્યએ શાળાનું સંચાલન કરવું, શિક્ષકોએ શિક્ષણકાર્ય કરવું, વિદ્યાર્થીઓએ નિયમિત અભ્યાસ કરવો, કારકુને વહીવટી કાર્ય કરવા અને સેવકે સ્વચ્છતા જાળવવી વગેરે. આમ, દરેક વ્યક્તિએ પોતાના દરજ્જા મુજબ ભૂમિકાઓ ભજવવાની હોય છે.

  3. સામાજિક ધોરણો : સામાજિક રચનાતંત્રને સક્રિય રાખવા માટે સમાજમાં સામાજિક ધોરણો હોવાં જરૂરી છે. સામાજિક ધોરણો વ્યક્તિ અને જૂથને પોતાના દરજ્જાને અનુરૂપ કેવી રીતે ભૂમિકા ભજવવાની છે તે અંગેનું માર્ગદર્શન આપે છે. જો સમાજમાં સામાજિક ધોરણો ન હોય, તો સામાજિક રચનાતંત્ર માં અરાજકતા અને અંધાધુંધી ફેલાય છે અને સમગ્ર સામાજિક રચનાતંત્ર ખોરવાઈ જાય છે. દા. ત., શાળામાંઆચાર્ય કે શિક્ષક તરીકે પસંદગી પામવા માટે નક્કી કરેલી લાયકાત અને અનુભવ હોવાં જરૂરી છે. આ જ પ્રમાણે શાળામાં પ્રવેશ, અભ્યાસક્રમ, પરીક્ષા વગેરેને લગતાં ધોરણો નક્કી થયેલાં હોય છે જો આ પ્રમાણેનાં ધોરણો ન હોય, તો શિક્ષણના ધ્યેયને પૂર્ણ કરવામાં અવરોધ આવે છે.